©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]  THURSDAY, MAY 14, 2026 / VAISHAKHA 24, 1948  [ No. 20**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી એપ્રિલ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગ-ના તારીખઃ ૧૬મી જાન્યુઆરી, ૨૦૨૬.ના જાહેરનામા ક્રમાંક: જીજી/૦૭/૨૦૨૬/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૫/૧૧૮. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Under***

**The Official Secrets Act, 1923**

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ**

**જાહેરનામું**

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૨૦૨૬

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.**

**ક્રમાંક: જીજી/૦૭/૨૦૨૬/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૫/૧૧૮**:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળના વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહું અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં વર્ણવેલ ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ, મહેસાણા-ના ૬૬ કેવી સમોડા સબ-સ્ટેશન, ગામ: સમોડા, તાલુકો: સિદ્ધપુર, જિલ્લો: પાટણ-ને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

**અનુસૂચિ**

**સરવે નંબર, સ્થળના નામ અને સ્થળની હદનું વર્ણન**

| ઈન્સ્ટોલેશનનું નામ | સરનામું | સરવે નંબર અને વિસ્તાર | પ્રતિબંધિત વિસ્તારની હદ |
|---|---|---|---|
| ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ, મહેસાણા-ના ૬૬ કેવી સમોડા સબ-સ્ટેશન | ગામ: સમોડા<br><br>તાલુકો: સિદ્ધપુર<br><br>જિલ્લો: પાટણ | સરવે નંબર ૪૨૨પી૮પી<br><br>કુલ વિસ્તાર: ૪૯૦૦ ચોરસ મીટર<br><br>પ્રતિબંધિત વિસ્તાર: ૪૯૦૦ ચોરસ મીટર | <u>પૂર્વે</u><br>સરવે નંબર ૪૨૨પી-ની જમીન<br><br><u>પશ્ચિમે</u><br>સરવે નંબર ૪૨૨પી-ની જમીન<br><br><u>ઉત્તરે</u><br>ઉત્તર દિશામાં આવેલ સમોડા-નાગવાસણ રોડ.<br><br><u>દક્ષિણે:</u><br>સરવે નંબર ૪૨૨-ની જમીન |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ધારા બ્રહ્મભટ્ટ,**

સેક્શન અધિકારી.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી એપ્રિલ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૧લી એપ્રિલ, ૨૦૨૬ના હુકમ ક્રમાંક: (જીએચએન-૨૪) ઇએલડી-૨૦૨૬-એસ.૩(૨)(૧ક)(૦૧)-ઇડી સેલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**ORDER**

***Under***

**Gujarat Electricity Duty Act, 1958**

**ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ હેઠળ**

**હુકમ**

**નાણા વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૨૬

**ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮.**

**ક્રમાંક: (જીએચએન-૨૪) ઈએલડી-૨૦૨૬-એસ.૩(૨)(૧ક)(૦૧)-ઈડી સેલ:-** ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩-ની પેટા-કલમ (૨)ના ખંડ (૧ક)-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નિર્દિષ્ટ કરે છે કે સૌરાષ્ટ્ર શાખા નહેર અને કચ્છ શાખા નહેરની બાજુમાં આવેલા પમ્પિંગ સ્ટેશનોના સંચાલનમાં વપરાતા એચટી (HT-High Tension) જોડાણો (કનેક્શન્સ)ના હેતુ માટે, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ નામના ગુજરાત સરકારના ઉપક્રમ (અન્ડરટેકિંગ) દ્વારા વાપરવામાં આવતી ઊર્જા પર વિદ્યુત શુલ્ક લેવાપાત્ર થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ડૉ. હાર્દિક પ્રજાપતિ,**

સરકારના ઉપસચિવ.

------------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી એપ્રિલ, ૨૦૨૬

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તારીખઃ ૭મી માર્ચ, ૨૦૨૬ના જાહેરનામાં ક્રમાંક: જીઆર-૨૦૨૬-૨૮-એલઈડી/એમએસએમ/ઇ-ફાઇલ/૧૧/૨૦૨૫/૧૫૧૧/આર૧-સેક્શન -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Regarding***

**Repealing the Office Superintended, Class II, Recruitment Rules, 2002**

**કચેરી અધીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૦૨ રદ કરવા સંબંધી**

**જાહેરનામું**

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૭મી માર્ચ, ૨૦૨૬

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીઆર-૨૦૨૬-૨૮-એલઈડી/એમએસએમ/ઇ-ફાઇલ/૧૧/૨૦૨૫/૧૫૧૧/આર૧-સેક્શન:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, તારીખ: ૧૮મી જુલાઇ, ૨૦૦૨-ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેએચઆર-૨૦૦૨-૮૬-આરજેજી-૧૦૯૯-૧૭૯૧-આર(૧) હેઠળ બહાર પાડેલા કચેરી અધીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૦૨ રદ કરવા નીચેના નિયમો કરે છે:

૧. આ નિયમો કચેરી અધીક્ષક, વર્ગ ૩, ભરતી (રદ કરવા બાબત)નિયમો, ૨૦૨૬ કહેવાશે.

૨. કચેરી અધીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૦૨ આથી રદ કરવામાં આવે છે.

પરંતુ આવી રીતે રદ થવાથી, આવી રીતે રદ કરેલા નિયમો હેઠળ કરેલા કોઈ કૃત્ય અથવા લીધેલા કોઈ પગલાંને અસર થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**હિરેન એચ. રાઠોડ,**

સરકારના ઉપસચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૧૯મી જાન્યુઆરી, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક: જીજી/૨૧/ટીટીસી/૧૦(૨૦૦૨)/૧૩૦૫/પાર્ટ-૧/સી. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Under***

**Bharatiya Nagarik Suraksha Sanhita, 2023**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ હેઠળ**

**જાહેરનામું**

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩.**

**ક્રમાંક: જીજી/૨૧/ટીટીસી/૧૦(૨૦૦૨)/૧૩૦૫/પાર્ટ-૧/સી:** ગુજરાત રાજ્યને લાગુ પડતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા)ની કલમ ૨ની પેટા-કલમ (૧)ના ખંડ (ભ)થી મળેલી સત્તાની રૂએ અને વલસાડ જિલ્લાના પોલીસ સ્ટેશન(મથક)ની જાહેર કરવાને લગતા હોય તેટલે સુધી આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામાઓ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ (૪)માં નિર્દિષ્ટ પોસ્ટ્સ અને સ્થળોને, વલસાડ જિલ્લાના તેની કોલમ (૩)માં નિર્દિષ્ટ કરેલા તાલુકાઓમાંના પોલીસ સ્ટેશન તરીકે જાહેર કરે છે; અને આદેશ કરે છે કે આવા દરેક પોલીસ સ્ટેશનમાં, સદરહું અનુસૂચિની કોલમો (૫) અથવા (૬) અને (૭)માંના સદરહું દરેક પોલીસ સ્ટેશન સામે અનુક્રમે નિર્દિષ્ટ કરેલ એવી પોલીસ ચોકી અથવા બીટ, આઉટ પોસ્ટ અને સ્થાનિક વિસ્તારો અને ગામોનો સમાવેશ થશે:-

**અનુસૂચિ**

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૦૧ | વલસાડ ડિવિઝન | વલસાડ | વલસાડ સીટી પોલીસ સ્ટેશન | ધોબીતળાવ ચોકી | તીથલ ચેક પોસ્ટ | તીથલ ગામ, ભાંગડાવાડા ગામ, નગર પાલિકા વિસ્તાર વોર્ડ નં.૭ અને ૮ |
| | | | | મોગરાવાડી ચોકી | | અટક પારડી ગામ, નગર પાલિકા વિસ્તાર વોર્ડ નં. ૩, ૪, ૧૦ અને ૧૧ |
| | | | | શહીદ ચોક ચોકી | કોસમ્બા આઉટ પોસ્ટ | કોસમ્બા ગામ, (ભગદા ખુર્દ ગામ) ભાગડા હનુમાન, નગર પાલિકા વિસ્તાર વોર્ડ નં.૧ અને ૬ |
| | | | | આઝાદ ચોકી | | નાનકવાડા ગામ, નગર પાલિકા વિસ્તાર વોર્ડ નં. ૯ |
| | | | | છીપવાડ ચોકી | | પારડી સાંઢપોર ગામ, નગર પાલિકા વિસ્તાર વોર્ડ નં. ૨ અને ૫ |
| | | | | | કોસમ્બા આઉટ પોસ્ટ | એફએલસી :<br>(૧) કોસમ્બા-માછીવાડ<br>(૨) કોસમ્બા-દીવાદાંડી |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૦૨ | વલસાડ ડિવિઝન | વલસાડ | વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન | | અતુલ આઉટ પોસ્ટ | અતુલ |
| | | | | | | પારનેરા |
| | | | | | | ચણવાઈ |
| | | | | | | ભગોદ |
| | | | | | | મેહ |
| | | | | | | હરીયા |
| | | | | | | દિવેદ |
| | | | | | | અટાર |
| | | | | | | ચીંચવાડા |
| | | | | | | બીનવાડા |
| | | | | | | અંજલાવ |
| | | | | | | રાબડા |
| | | | | | | પાથરી |
| | | | | | | ગાડરીઆ |
| | | | | | | નવેરા |
| | | | | | | મગોદ |
| | | | | | | મગોદ ડુંગરી |
| | | | | ગુંદલાવ ચોકી | | ગુંદલાવ |
| | | | | | | ફણસવાડા |
| | | | | | | ધમડાચી |
| | | | | | | ઘડોઈ |
| | | | | | | સરોધી |
| | | | | | | ગોરવાડા |
| | | | | | | કોચવાડા |
| | | | | | | ઠક્કરવાડા |
| | | | | | | ઓવાડા |
| | | | | | | કેવાડા |
| | | | | | | સરોણ |
| | | | | | | નંદાવલા |
| | | | | વશિયર ચોકી | | પારનેરા પારડી |
| | | | | | | સુરવાડા |
| | | | | | | વશિયર |
| | | | | | | સેગવી |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | બીટ નં. - ૧ | | રોણવેલ |
| | | | | | | ભોમા પારડી |
| | | | | | | વાંકલ |
| | | | | | | ફલધરા |
| | | | | | | વેલવાચ |
| | | | | | | કચીગામ |
| | | | | | | કાકડમટી |
| | | | | | | ચીંચાઇ |
| | | | | | | કોસમકુવા |
| | | | | | | ઓઝર |
| | | | | બીટ નં.-૨ | | લીલાપોર |
| | | | | | | પીઠા |
| | | | | | | ભદેલી દેસાઇ પાર્ટી |
| | | | | | | હિંગરાજ જગાલાલા |
| | | | | | | અટગામ |
| | | | | | | વેજલપોર |
| | | | | | | કલવાડા |
| | | | | | | સેગવા |
| | | | | | | ખજુરડી |
| | | | | | | પાલણ |
| | | | | | | મૂળી |
| | | | | બીટ નં. - ૩ | | વલંડી |
| | | | | | | કાપરીઆ |
| | | | | | | કાંજણ હરી |
| | | | | | | કાંજણ રણછોડ |
| | | | | | | સારંગપુર |
| | | | | | | મરલા |
| | | | | | | દુલસાડ |
| | | | | | | ભૂતસર |
| | | | | | | બોદલાઇ |
| | | | | | | જુજવા |
| | | | | | અતુલ આઉટ પોસ્ટ | એફએલસી<br>૧ મગોદ ડુંગરી |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | વશીયર ચોકી | | ૨ શુરવાડા |
| | | | | બીટ નં.-૨ | | ૩ હિંગરાજ જગાલાલા |
| ૦૩ | વલસાડ ડિવિઝન | પારડી | પારડી પોલીસ સ્ટેશન | | ઉદવાડા આઉટ પોસ્ટ | ઉદવાડા |
| | | | | | | પલસાણા |
| | | | | | | કોલક |
| | | | | | | કલસર |
| | | | | | | કીકરલા |
| | | | | | | મોતીવાડા |
| | | | | | | સારણ |
| | | | | રેંટલાવ ચોકી | | રેંટલાવ |
| | | | | | | ઓરવાડ |
| | | | | | | બગવાડા |
| | | | | | | તીઘરા |
| | | | | | | ટુકવાડા |
| | | | | પરીઆ ચોકી | | પરીઆ |
| | | | | | | અંબાચ |
| | | | | | | ખુંટેજ |
| | | | | | | ડુમલાવ |
| | | | | | | દશવાડા |
| | | | | | | સરોધી |
| | | | | ખડકી બીટ | | ખડકી |
| | | | | | | ડુંગરી |
| | | | | | | સુખલાવ |
| | | | | | | વેલપરવા |
| | | | | | | આમલી |
| | | | | | | સોંઢલવાડા |
| | | | | | | બોરલાઈ |
| | | | | | ઉમરસાડી આઉટ પોસ્ટ | ઉમરસાડી માછીવાડ |
| | | | | | | ઉમરસાડી કોટલાવ |
| | | | | | | ઉમરસાડી દેસાઈવાડ |
| | | | | | | બાલદા |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | | | કુંભારીયા |
| | | | | | | સુખેસ |
| | | | | વાઘછીપા બીટ | | મોટા વાઘછીપા |
| | | | | | | નાના વાઘછીપા |
| | | | | | | પરવાસા |
| | | | | | | કચવાલ |
| | | | | | | નીમખલ |
| | | | | | | પંચલાઈ |
| | | | | | | સામરપાડા |
| | | | | ગોઈમા બીટ | | સોનવાડા |
| | | | | | | વરઈ |
| | | | | | | આસ્મા |
| | | | | | | રાબડી |
| | | | | | | રોહીણા |
| | | | | | | તરમાળીયા |
| | | | | | | બરઈ |
| | | | | | | ખેરલાવ |
| | | | | | | ગોઈમા |
| | | | | ટાઉન બીટ- પૂર્વ | | નગરપાલિકા વિસ્તાર |
| | | | | ટાઉન બીટ પશ્ચિમ | | પોણીયા |
| | | | | | | ચંદ્રપુર |
| | | | | | | નગરપાલિકા વિસ્તાર |
| | | | | | ઉમરસાડી આઉટ પોસ્ટ | જે. ટી<br>૧) મોટી ઉમરસાડી |
| | | | | | | એફએલસી<br>૧ નાની ઉમરસાડી<br>૨ મોટી ઉમરસાડી |
| | | | | | ઉદવાડા આઉટ પોસ્ટ | ૩ કોલક |
| ૦૪ | વલસાડ ડિવિઝન | વલસાડ | ડુંગરી પોલીસ સ્ટેશન | બીટ નં. - ૧ | | જોરાવાસણ |
| | | | | | | રોલા |
| | | | | | | ઓલગામ |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | | | વાઘલધરા |
| | | | | | | ગોરગામ |
| | | | | | | તીઘરા |
| | | | | | | પંચલાઈ |
| | | | | | | ધનોરી |
| | | | | | | ભાણજી ફળીયા |
| | | | | | | સોનવાડા |
| | | | | | | અંદરગોટા |
| | | | | | | કુંડી |
| | | | | | | ચોબડીયા |
| | | | | | | ડુંગરી |
| | | | | બીટ નં.-૨ | | ચીખલા |
| | | | | | | છરવાડા |
| | | | | | | ધરાસણા |
| | | | | | | ઉમરસાડી |
| | | | | | | શંકર તળાવ |
| | | | | | | દાંડી |
| | | | | | | ભાગલ |
| | | | | | | કકવાડી |
| | | | | | | દાંતી |
| | | | | | | માલવણ |
| | | | | | | ઉટડી |
| | | | | | | જેશપોર |
| | | | | | | આગર ફળીયા |
| | | | | | | એફએલસી<br>૧ ભાગલ<br>૨ દાંડી<br>૩ નાનીદાંતી<br>૪ મોટીદાંતી<br>૫ કકવાડી |
| ૦૫ | વાપી ડિવિઝન | વાપી | વાપી ટાઉન પોલીસ સ્ટેશન | ગીતા નગર ચોકી | | મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર |
| | | | | | | જીઆઈડીસી(GIDC) ચાર રસ્તા થી દમણગંગા નદી સુધી |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | | | ને.હા.નં.૪૮ ની પશ્ચિમ તરફ આવેલ વાઈબ્રન્ટ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક તથા સી.ઇ.ટી.પી પ્લાન્ટનો વિસ્તાર |
| | | | | ચલા ચોકી | | કુંતા |
| | | | | | | નામધા |
| | | | | | | ચંડોર |
| | | | | | | તરકપારડી |
| | | | | ટાઉન બીટ | | મ્યુનિસિપલ કોર્પોરેશન (મહાનગરપાલિકા) વિસ્તાર |
| | | | | બલીઠા બીટ | | બલીઠા ગામનો નેશનલ હાઈવેથી પશ્ચિમ તરફનો વિસ્તાર |
| | | | | | | વટાર |
| | | | | | | મોરાઇ |
| | | | | | | કોલક નદીથી બિલખાડી સુધીનો નેશનલ હાઇવે નંબર ૪૮ ની બંન્ને તરફનો હાઈવે રોડ તેમજ સર્વિસ રોડ વિસ્તાર |
| | | | | | | સલવાવ ગામના નેશનલ હાઈવે નં.૪૮થી પશ્ચિમ તરફના સર્વે નં.૨૨૩ થી ૨૪૧ સુધીનો વિસ્તાર |
| ૦૬ | વાપી ડિવિઝન | વાપી | વાપી ઉદ્યોગનગર (જીઆઈડીસી) પોલીસ સ્ટેશન | ગુંજન ચોકી | | નોટીફાઇડ એરીયા (વાપી જી.આઈ.ડી.સી. નો આશરે ૧૧૦૦ હેક્ટર નો વિસ્તાર) |
| | | | | | | ચીકુવાડી તથા જલારામ સોસાયટી, ગોકુલ વિહાર, વૃંદાવન સોસાયટી, રાજમોતી-૦૧, રાજમોતી-૦૨, મંગલમૂર્તિથી નેચરલ આઈસ્ક્રીમના સામેનો ભાગ જોધપુર સ્વીટ, વિધાનિકેતન સ્કૂલ, લેઉવા પટેલ સમાજની વાડીના સર્વે નં- ૨૯૫, ૨૬૯, ૨૬૭, ૨૬૮, ૨૯૯/૧, ૨૯૯/૨, ૨૯૯/૩, ૩૦૦P, ૩૦૧, ૩૦૨, ૩૦૩P, ૩૧૧, |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | | | ૩૧૧P, ૩૧૪, ૩૧૫, ૩૧૬, ૩૨૦, ૩૨૧, ૩૨૨, ૩૩૩, ૩૨૫, ૩૨૮, ૩૩૧, ૩૩૨, ૩૩૩, ૩૩૪, ૩૩૫ નો વિસ્તાર |
| | | | | ભડક મોરા બીટ | | ભડકમોરા, સુલફડ નગરપાલિકા વિસ્તાર |
| | | | | બલીઠા બીટ | | બલીઠા ગામના ને.હા.નં.૪૮ થી પૂર્વ તરફ આવેલા વિસ્તાર |
| | | | | | | બિલખાડીથી દમણગંગા નદી સુધીનો નેશનલ હાઈવે નંબર ૪૮ નો બંન્ને તરફનો રોડ તેમજ સર્વિસ રોડ વિસ્તાર |
| | | | | ચાણોદ બીટ | | ચાણોદ (અતુલ ફળીયા સાથે) |
| ૦૭ | વાપી ડિવિઝન | વાપી | ડુંગરા પોલીસ સ્ટેશન | છીરી ચોકી | | છીરી |
| | | | | | | છરવાડા |
| | | | | | | સલવાવ ગામનો પૂર્વ તરફનો તમામ વિસ્તાર |
| | | | | ડુંગરા બીટ | | કરવડ |
| | | | | | | ડુંગરા વોર્ડ નં.૫ અને ૧૧ |
| ૦૮ | વાપી ડિવિઝન | ઉમરગામ | ઉમરગામ પોલીસ સ્ટેશન | | સંજાણ આઉટ પોસ્ટ | સંજાણ |
| | | | | | | ખતલવાડા |
| | | | | | | માલખેત |
| | | | | | | તુંબ |
| | | | | | | વંકાસ |
| | | | | | | ધીમસા કાંકરીઆ |
| | | | | બીટ નં.-૧ | | આહુ |
| | | | | | | મમકવાડા |
| | | | | | | માણેકપુર |
| | | | | બીટ નં.-૨ | દેહરી ચેક પોસ્ટ | દેહરી |
| | | | | | | ગોવાડા |
| | | | | | | દહાડ |
| | | | | | | ભાઠી કરંબેલી |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | | | હુમરણ |
| | | | | | | પલગામ |
| | | | | | | ટેંભી |
| | | | | ઉમરગામ ટાઉન ચોકી | | ઉમરગામ |
| | | | | ઉમરગામ જીઆઇડીસી | | સોળસુંબા |
| | | | | ઉમરગામ ટાઉન | | જે.ટી ૧ ઉમરગામ જે.ટી |
| | | | | | | એફએલસી<br>૧ ઉમરગામ |
| | | | | | સંજાણ આઉટ પોસ્ટ | ૨ ખતલવાડા |
| ૦૯ | વાપી ડિવિઝન | ઉમરગામ | સરીગામ પોલીસ સ્ટેશન | | | સરીગામ |
| | | | | | | માંડા |
| | | | | | | કરજગામ |
| | | | | | | અણગામ |
| | | | | | | બીલીયા |
| | | | | | | પાળી ધુયા |
| | | | | | | કનાડુ |
| | | | | | | પાલી કરમબેલી |
| | | | | | | પુનાટ |
| | | | | | | ધોડીપાડા |
| | | | | | | નિકોલી |
| | | | | | | સરઈ |
| ૧૦ | વાપી ડિવિઝન | ઉમરગામ | ભીલાડ પોલીસ સ્ટેશન | બીટ નં.-૧ | | ઝરોલી |
| | | | | | | ધનોલી |
| | | | | | | ડહેલી |
| | | | | | | નગવાસ |
| | | | | | | અંકલાસ |
| | | | | | | તલવાડા |
| | | | | | | નંદીગામ |
| | | | | | | મલાવ |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | બીટ નં.-૨ | | વલવાડા |
| | | | | | | કરમ બેલીગામ |
| | | | | | | બોરલાઇ |
| | | | | | | બોરીગામ |
| | | | | | | ભીલાડ |
| | | | | | | અચ્છારી |
| | | | | | | કચીગામ |
| | | | | બીટ નં.-૩ | | એકલારા |
| | | | | | | મોહનગામ |
| | | | | | | નાહુલી |
| | | | | | | જંબુરી |
| ૧૧ | વાપી ડિવિઝન | ઉમરગામ | મરીન પોલીસ સ્ટેશન | મરોલી બીટ | | કોળીવાડ |
| | | | | | | મરોલી |
| | | | | | | કલગામ |
| | | | | | | ફણસા |
| | | | | | | કાલઇ |
| | | | | | | સરોંડા |
| | | | | બીટ નં.-૧ | | નારગોલ |
| | | | | | | તડગામ |
| | | | | મરોલી બીટ | | એફએલસી<br>૧ દાંડી મરોલી<br>૨ મરોલી<br>૩ ફણસા<br>૪ કાલઇ |
| | | | | બીટ નં.-૧ | | ૫ નારગોલ<br>૬ તડગામ |
| ૧૨ | વાપી ડિવિઝન | વાપી | વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશન | | | વાપી પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર |
| | | | | | | વાપી જીઆઇડીસી પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર |
| | | | | | | ડુંગરા પોલીસ સ્ટેશનમાં સમાવેશ કરેલ વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનનો સમગ્ર વિસ્તાર |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧૩ | ધરમપુર ડિવિઝન | ધરમપુર | ધરમપુર પોલીસ સ્ટેશન | | હનમતમાળ આઉટ પોસ્ટ | રાજપુરી જંગલ |
| | | | | | | હનમતમાળ |
| | | | | | | ગોરખડા |
| | | | | | | ખાંડા |
| | | | | | | ભવાડા |
| | | | | | | હથનબારી |
| | | | | | | બોપી |
| | | | | | | ખામદહાડ |
| | | | | | | ચાસમાંડવા |
| | | | | | | નડધરી |
| | | | | | | જાગીરી |
| | | | | | | મામા ભાચા |
| | | | | | | તણછીયા |
| | | | | | | સજની બરડા |
| | | | | | | ગડી |
| | | | | | | બીલધા |
| | | | | | | વણખાસ |
| | | | | | | મોલવેરી |
| | | | | | | બોકડધરા |
| | | | | | | જામલીયા |
| | | | | | | પીપલવાડા |
| | | | | | | વાથોડા |
| | | | | | | મનાઇચોંડી |
| | | | | | | કોસીમપાડા |
| | | | | | | મુરદડ |
| | | | | | | સોનદર |
| | | | | | | અંબોસી ભવઠાણ |
| | | | | | | સીસુમાળ |
| | | | | | | ગનવા |
| | | | | | | મોરદહાડ |
| | | | | | | આવધા |
| | | | | | પંગાર બારી આઉટપોસ્ટ | પંગારબારી |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | | | પૈખડ |
| | | | | | | નાની કોસબાડી |
| | | | | | | મોટી કોસબાડી |
| | | | | | | પીંડવળ |
| | | | | | | પીપરોળ |
| | | | | | | પીરમાળ |
| | | | | | | વાગવાલ |
| | | | | | | ભાનવલ |
| | | | | | | રાનવેરી |
| | | | | | | ગુંદીયા |
| | | | | | | ઉપલપાડા |
| | | | | | | સાદડવેરા |
| | | | | | | ખડકી |
| | | | | | | સામરસીંગી |
| | | | | | | ઉલસપેઢી |
| | | | | | | મધુરી |
| | | | | | | તુતરખંડ |
| | | | | | | સાંતવાંકલ |
| | | | | | | ભવઠાણ જંગલ |
| | | | | | | ચવરા |
| | | | | | | વાંઝલટ |
| | | | | | | ખપાટીયા |
| | | | | | | પોંઢા જંગલ |
| | | | | | | મોટી કોરવળ |
| | | | | | | મોહપાડા |
| | | | | | | મોહના કાવચાલી |
| | | | | | | નાની કોરવળ |
| | | | | | | ખોબા |
| | | | | | | સીંગારમાળ |
| | | | | | | અવળખંડી |
| | | | | | | ભુતરુણ |
| | | | | | | વાંસદા જંગલ |
| | | | | | | હૈદરી |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | | | તામછડી |
| | | | | | | પેણધા |
| | | | | | | ઢાંકવળ |
| | | | | | | પાંડવ ખડક |
| | | | | | | ટીટુ ખડક |
| | | | | ટાઉન બીટ (હાથીખાના) | | ધરમપુર સિટી |
| | | | | બીટ નં.-૧ (આસુરા) | | ભમતી |
| | | | | | | ભાંભા |
| | | | | | | રાનપાડા |
| | | | | | | વીરવલ |
| | | | | | | મરગમાળ |
| | | | | | | રાજપુરી |
| | | | | | | ખટાણા |
| | | | | | | આસુરા |
| | | | | | | ખરવેલ |
| | | | | | | નાની ઢોલ ડુંગરી |
| | | | | | | મોટી ઢોલ ડુંગરી |
| | | | | | | બારસોલ |
| | | | | બીટ નં.-૨ | | કરંજવેરી |
| | | | | | | લુહેરી |
| | | | | | | કાંગવી |
| | | | | | | આંબા તલાટ |
| | | | | | | બીલપુડી |
| | | | | | | શેરીમાળ |
| | | | | | | સીધુંબર |
| | | | | | | ઉક્તા |
| | | | | | | પાનવા |
| | | | | | | બરુમાળ |
| | | | | | | ઝરીયા |
| | | | | | | કેળવણી |
| | | | | | | ચીચોઝર |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | બીટ નં.-૩ | | બારોલીયા |
| | | | | | | ટીસ્કરી તલાટ |
| | | | | | | ટાંકી |
| | | | | | | તુંબી |
| | | | | | | કુરગામ |
| | | | | | | લાકડમાળ |
| | | | | | | નાની વહીયાળ |
| | | | | | | કાકડકુવા |
| | | | | | | માંકડબન |
| | | | | | | ફુલવાડી |
| | | | | | | ભેંસધરા |
| | | | | | | ધામણી |
| | | | | | | દાંડવળ |
| ૧૪ | ધરમપુર ડિવિઝન | કપરાડા | કપરાડા પોલીસ સ્ટેશન | બીટ નં.-૧ | | કપરાડા |
| | | | | | | ચાંદવેગણ |
| | | | | | | મેણધા |
| | | | | | | વેરી ભવાડા |
| | | | | | | નાંદગામ |
| | | | | | | માતુનીયા |
| | | | | | | ભવાડ જાગીરી |
| | | | | | | માની |
| | | | | | | ટોકરપાડા |
| | | | | | | બોરપાડા |
| | | | | | | ડાભાડી |
| | | | | | | દાબખલ |
| | | | | બીટ નં.-૨ | | રોહીયાળ તલાટ |
| | | | | | | મનાળા |
| | | | | | | સીલધા |
| | | | | | | એકલેરા |
| | | | | | | બામણવાડા |
| | | | | | | વાડી |
| | | | | | | ઘાણવેરી |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | | | બીલોનીયા |
| | | | | | | દિવસી |
| | | | | | | લવકર |
| | | | | | | વરવઠ |
| | | | | | | નીળોસી |
| | | | | | | ખડકવાડ |
| | | | | | | વાડધા |
| | | | | | | જામ ગભાણ |
| | | | | બીટ નં.-૩ | | લીખવડ |
| | | | | | | સરવરટાંટી |
| | | | | | | સીંગારટાંટી |
| | | | | | | ચેપા |
| | | | | | | નાની પલસણ |
| | | | | | | મોટી પલસણ |
| | | | | | | અસલકાંટી |
| | | | | | | રોહીયાળ જંગલ |
| | | | | | | તેરી ચીખલી |
| | | | | | | માલુંગી |
| | | | | | | ભુરવડ |
| | | | | | | નીરવડ |
| | | | | | | ટીટુમાળ |
| | | | | | | ડિથી |
| | | | | | | સુલીયા |
| | | | | | | ઘોટવળ |
| | | | | | સુથાર પાડા આઉટ પોસ્ટ | ચાવશાળા |
| | | | | | | દીક્ષળ |
| | | | | | | ઘોટણ |
| | | | | | | પીપરોટી |
| | | | | | | ચીચપાડા |
| | | | | | | રાહોર |
| | | | | | | ફળી |
| | | | | | | કાસટવેરી |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | | | સુથારપાડા |
| | | | | | | બારપુડા |
| | | | | | | પાંચવેરા |
| | | | | | | કેળધા |
| | | | | | | વાવર |
| | | | | | | હુંડા |
| | | | | | | નારવડ |
| | | | | | | ગીરનાર |
| | | | | | | પીપળસેત |
| | | | | | | વડોલી |
| | | | | | | વિરક્ષેત્ર |
| | | | | | | માલધર |
| | | | | | | આસલોણા |
| | | | | | | કોતલગામ |
| | | | | | | બીલીયા |
| | | | | | | શાહુડા |
| | | | | | | વાલવેરી |
| | | | | | | વડસેતુ |
| | | | | | | કોલવેરા |
| | | | | | | કરજૂન |
| | | | | | | ધામણવેગન |
| | | | | | | આંબાજંગલ |
| | | | | | હેદલ બારી આઉટ પોસ્ટ | ફતેપુર |
| | | | | | | વારોલી જંગલ |
| | | | | | | મધુબન |
| | | | | | | મેઘવાળ |
| | | | | | | બુરલા |
| | | | | | | હેદલબારી |
| | | | | | | અસ્ટોલ |
| | | | | | | ખાતુનીયા |
| | | | | | | કીસ્ટોનીયા |
| | | | | | | પંઢારદેવી |
| | | | | | | ઉમલી |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | | | કેતકી |
| | | | | | | દહીખેડ |
| | | | | | | બુરવડ |
| | | | | | | પીપરોળી |
| | | | | | | કરચુણ |
| | | | | | | રાયમલ |
| | | | | | | નાગર |
| | | | | | | ટીસ્કરી જંગલ |
| | | | | | | ઉજારપાડા |
| | | | | | | ઘાડવી |
| | | | | | | ટુકવાડા |
| | | | | | | ધારણમાલ |
| | | | | | | ભાઠેરી |
| | | | | | | સુકલબારી |
| | | | | | | કુંભસેત |
| ૧૫ | ધરમપુર ડિવિઝન | નાના પોંઢા | નાના પોંઢા પોલીસ સ્ટેશન | બીટ નં.-૧ | | માંડવા |
| | | | | | | ઓઝરડા |
| | | | | | | કુંડા |
| | | | | | | અરણાઇ |
| | | | | | | નાની મધની |
| | | | | | | આમધા |
| | | | | | | મોટી વહીયાળ |
| | | | | | | ખારેડી |
| | | | | | | પાનસ |
| | | | | | | વડખંભા |
| | | | | | | બાબરખડક |
| | | | | | | ખુંટલી |
| | | | | | | જોગવેલ |
| | | | | બીટ નં.-૨ | | નાનાપોંઢા |
| | | | | | | કાજળી |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | | | વારોલી તલાટ |
| | | | | | | બાલચોંઢી |
| | | | | | | કોઠાર |
| | | | | | | ભંડાર કચ્છ |
| | | | | | | વારણા |
| | | | | | | અંધારપાડા |
| | | | | | | જીરવલ |
| | | | | | દેગામ આઉટ પોસ્ટ | નાની તંબાડી |
| | | | | | | મોટી તંબાડી |
| | | | | | | રાતા |
| | | | | | | કોતરવા |
| | | | | | | પંડોર |
| | | | | | | કોપરલી |
| | | | | | | કવાલ |
| | | | | | | વંકાછ |
| | | | | | | કરાયા |
| | | | | | | દેગામ |
| | | | | | | લવાછા |
| | | | | | | કરમખલ |
| | | | | | | ચીભડ કચ્છ |
| | | | | | મોટા પોંઢા આઉટ પોસ્ટ | મોટા પોંઢા |
| | | | | | | સુખાળા |
| | | | | | | ધોધડકુવા |
| | | | | | | અંભેટી |
| | | | | | | કાકડકોપર |
| | | | | | | ઓઝર |
| | | | | | | વાજવડ |
| | | | | | | અરનાલા |
| | | | | | | ચીવલ |

| અનુ ક્રમાંક | ડિવિઝન/ સબ-ડિવિઝન | તાલુકા | પોલીસ સ્ટેશન (મથક) | પોલીસ ચોકી/બીટ | આઉટ પોસ્ટ/ ચેકપોસ્ટ | સ્થાનિક વિસ્તારો/ગામો |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | | | | | | ધગડમાલ |
| | | | | | | લખમાપોર |
| | | | | | | નેવરી |
| | | | | | | પાટી |
| | | | | | | ડહેલી |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**અનિતા ઝુલા,**

સરકારના નાયબ સચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી એપ્રિલ, ૨૦૨૬

નાણા વિભાગના તારીખ: ૩૦મી માર્ચ, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૨૩)જીએસટી-૨૦૨૬/ એસ.૧૧૨(૧)(૧) જીએસટી સેલ -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Under***

**Gujarat Goods and Services Tax Act, 2017**

**ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળનું**

**જાહેરનામું**

**નાણા વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી માર્ચ, ૨૦૨૬

**ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.**

**ક્રમાંક: (જીએચએન-૨૩)જીએસટી-૨૦૨૬/એસ.૧૧૨(૧)(૧)જીએસટી સેલ:-** ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૧૧૨-ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોના આધારે, આથી, જે હુકમની સામે અપીલ કરવાની હોય તે હુકમની જાણ અપીલ કરનાર વ્યક્તિને તારીખ ૧લી એપ્રિલ, ૨૦૨૬ પહેલાં કરવામાં આવી હોય તેવા તમામ કેસના સંબંધમાં, આ અધિનિયમ હેઠળ અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ જે તારીખ સુધીમાં અપીલ કરી શકાશે તે તારીખ તરીકે તારીખ: ૩૦મી જૂન, ૨૦૨૬ જાહેર કરે છે અને તારીખ: ૧લી એપ્રિલ ૨૦૨૬ અથવા ત્યારપછી કરવામાં આવેલ હુકમના સંબંધમાં તમામ અપીલ, અપીલ કરનાર વ્યક્તિને આવા હુકમની જાણ થયાની તારીખથી ત્રણ મહિનાની અંદર, અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ કરવી જોઇશે.

આ જાહેરનામું તારીખ: ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫-થી અમલમાં આવ્યું હોવાનું ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**કેતન એચ. સુથાર,**

સરકારના સંયુક્ત સચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી એપ્રિલ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના તારીખઃ ૯મી એપ્રિલ, ૨૦૨૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએસટી/૦૩/૨૦૨૬/ડીએસટી/આરઈઆર/ઈ-ફાઇલ/૨૪/૨૦૨૪/૦૭૯૩/આઈટી સંવર્ગ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Regarding***

**The Technical Assistant, Class III, in the Subordinate Services, under the Directorate of Information and Communication Technology and e-Governance Recruitment Rules, 2026**

**ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી એન્ડ ઇ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની તાબાની સેવામાં, ટેકનિકલ આસિસ્ટન્ટ (તકનિકી મદદનીશ), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૬ સંબંધી**

**જાહેરનામું**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૯મી એપ્રિલ, ૨૦૨૬

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીએસટી/૦૩/૨૦૨૬/ડીએસટી/આરઈઆર/ઈ-ફાઈલ/૨૪/૨૦૨૪/૦૭૯૩/આઈટી સંવર્ગ:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી એન્ડ ઇ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની તાબાની સેવામાં, ટેકનિકલ આસિસ્ટન્ટ (તકનિકી મદદનીશ), વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી એન્ડ ઇ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની તાબાની સેવામાં, ટેકનિકલ આસિસ્ટન્ટ (તકનિકી મદદનીશ), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી એન્ડ ઇ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની તાબાની સેવામાં, ટેકનિકલ આસિસ્ટન્ટ (તકનિકી મદદનીશ), વર્ગ ૩-ની જગા પરની નિમણૂક, સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર-

(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી એન્જિનિયરીંગ અથવા ટેક્નોલોજી ઇન ઇન્ફર્મેશન ટેક્નોલોજી અથવા કોમ્પ્યુટર સાયન્સ અથવા કોમ્પ્યુટર એન્જિનિયરીંગ અથવા ઇલેક્ટ્રોનિક્સ અથવા ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન અથવા કોમ્પ્યુટર ટેક્નોલોજી અથવા ઇન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી-ના સ્નાતકની પદવી અથવા કોમ્પ્યુટર એપ્લિકેશનના સ્નાતકની પદવી અથવા કોમ્પ્યુટર એપ્લિકેશન અથવા (કોમ્પ્યુટર) સાયન્સ (આઇટી-ઇન્ફર્મેશન ટેક્નોલોજી)-માં અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અને

(ગ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯-ક ની જોગવાઇઓ લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સંદીપસિંહ ગોહિલ,**

સરકારના ઉપસચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી એપ્રિલ, ૨૦૨૬

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તારીખઃ ૧૭મી એપ્રિલ, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક: જી/એનજે/૨૦૨૬/૬૧/એનડબલ્યુઆરડબલ્યુએસકેડી/એફપીઆર/ઇ-ફાઇલ/૧૩/૨૦૨૬/૧૫૧૦/સેક્શન જી. -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Regarding***

**The Office Superintendent, Class II, in the General State Services under the Narmada, Water Resources, Water Supply and Kalpsar Department, Recruitment Rules, 2026**

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં,**

**કચેરી અધીક્ષક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૬ સંબંધી**

**જાહેરનામું**

**નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી એપ્રિલ, ૨૦૨૬

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જી/એનજે/૨૦૨૬/૬૧/એનડબલ્યુઆરડબલ્યુએસકેડી/એફપીઆર/ઇ-ફાઇલ/૧૩/૨૦૨૬/૧૫૧૦/સેક્શન જી:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે :-

૧. (૧) આ નિયમો નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની, સામાન્ય રાજ્ય સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની, સામાન્ય રાજ્ય સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૨-ની જગા પરની નિમણૂક જેણે -

(૧) નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ ૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ કામ કર્યું હોય;

(૨) સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય:

- તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭-માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, “સારા”-નો આધાર-ચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**શૈલેષ વી. પરમાર,**

સરકારના સંયુક્ત સચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી એપ્રિલ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧૧મી જૂન, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેવી ૨૦૨૫ નો ૨૦૦/યુડીયુએચડી/સીસીએ/ઇ-ફાઇલ/૧૮/૨૦૨૩/૭૮૮૬/આર સેકશન. -ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Regarding***

**The Municipal Accountant, Class III, Recruitment Rules, 2025**

**નગરપાલિકા હિસાબનીસ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી**

**જાહેરનામું**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જૂન, ૨૦૨૫

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

**ક્રમાંકઃ કેવી ૨૦૨૫ નો ૨૦૦/યુડીયુએચડી/સીસીએ/ઈ-ફાઇલ/૧૮/૨૦૨૩/૭૮૮૬/આર સેકશન :-** ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ ના ગુજરાતના ૩૪ મા)ની કલમ ૪૭ ની પેટા-કલમ (૨) સાથે વાંચતા, કલમ ૪૭ ક-ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમોને રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત રાજ્ય નગરપાલિકા (મ્યુનિસિપલ) હિસાબી સેવામાં, નગરપાલિકા (મ્યુનિસિપલ) હિસાબનીસ, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો નગરપાલિકા હિસાબનીસ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

૨. ગુજરાત રાજ્ય નગરપાલિકા (મ્યુનિસિપલ) હિસાબી સેવામાં, નગરપાલિકા હિસાબનીસ, વર્ગ ૩-ની જગા પરની નિમણૂક, જેણે,-

(ક) (૧) ગુજરાત રાજ્ય નગરપાલિકા (મ્યુનિસિપલ) હિસાબી સેવામાં, નાયબ નગરપાલિકા હિસાબનીસ (મ્યુનિસિપલ ડેપ્યુટી એકાઉન્ટન્ટ), વર્ગ ૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય;

-તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે, વિચારણાના ક્ષેત્રની અંદર, “સારા” નો આધાર-ચિહ્ન ધરાવતી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે ; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓ અથવા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો અથવા મહિલા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા સંસ્થાઓમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી બિઝનેસ એડમિનિસ્ટ્રેશન અથવા કોમ્પ્યુટર એપ્લિકેશન અથવા વાણિજ્ય અથવા વિજ્ઞાન (ગણિતશાસ્ત્ર (મેથેમેટિક્સ)/ આંકડાશાસ્ત્ર(સ્ટેટિસ્ટિક્સ))માં અથવા વિનયન (આંકડાશાસ્ત્ર(સ્ટેટિસ્ટિક્સ)/ અર્થશાસ્ત્ર(ઇકોનોમિક્સ)/ ગણિતશાસ્ત્ર (મેથેમેટિક્સ))માં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે; અને

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯-કની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

૮. નગરપાલિકા હિસાબનીસ, વર્ગ ૩ તરીકે નિમણૂક પામેલા વ્યક્તિને, નીચેના નિયમો, ઉચિત ફેરફાર સાથે લાગુ પડશે:-

(૧) ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨.

(૨) ગુજરાત મુલકી સેવા (પગાર ઉપરાંત ભથ્થાં) નિયમો, ૨૦૦૨.

(૩) ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨.

(૪) ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨.

(૫) ગુજરાત મુલકી સેવા (રહેણાકના મકાનોમાં વસવાટ) નિયમો, ૨૦૦૨.

(૬) ગુજરાત મુલકી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકૂફી દરમિયાન ચુકવણી, બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨.

(૭) ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨.

(૮) ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨.

(૯) ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧.

(૧૦) ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

(૧૧) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.

(૧૨) ગુજરાત મુલકી સેવા (નવી વર્ધિત પેન્શન યોજના) નિયમો, ૨૦૨૪.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મનીષ સી. શાહ,**

સરકારના નાયબ સચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી એપ્રિલ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૧૭મી માર્ચ, ૨૦૨૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીજી/૩૨/૨૦૨૬/એચડી/એમકેએમ/ઇ-ફાઇલ/૮/૨૦૨૫/૧૨૧૩/ઇ-૧. -ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Regarding***

**The Office Superintendent and Accountant, Class III, in the subordinate service of Directorate of Prohibition and Excise, Recruitment Rules, 2026**

**નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક અને હિસાબનીસ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૬ સંબંધી**

**જાહેરનામું**

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી માર્ચ, ૨૦૨૬

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંકઃ જીજી/૩૨/૨૦૨૬/એચડી/એમકેએમ/ઇ-ફાઇલ/૮/૨૦૨૫/૧૨૧૩/ઇ-૧:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમોને રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નશાબંધી અને આબકારી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક અને હિસાબનીસ, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. (૧) આ નિયમો, નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક અને હિસાબનીસ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક અને હિસાબનીસ, વર્ગ ૩ -ની જગા પર નિમણૂક, જેણે,-

(ક) (૧) નશાબંધી અને આબકારી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ ૩ -ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય;

-તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે, વિચારણાના ક્ષેત્રની અંદર, “સારા” નો આધાર-ચિહ્ન ધરાવતી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ, બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે ; અથવા

(ખ) આ હેતુ માટે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે કરવી જોઈશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર, આ હેતુ માટે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઇશે નહિ;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે; અથવા સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯-કની જોગવાઈઓ, આ હેતુ માટે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. બઢતીથી અથવા આ હેતુ માટે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. આ હેતુ માટે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**અનિલ ચૌધરી,**

સરકારના ઉપસચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી એપ્રિલ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૨૫. ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/૨૦૨૫નો ૪૭/પીઆરએચઆરડીડી/પીઆરસી/ઈ-ફાઇલ/૧૪/૨૦૨૫/૨૯૩૩/સેકશન-ચ. -ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Regarding***

**Amendment to the Gujarat Gram and Nagar Panchayats Taxes and Fees Rules, 1964**

**ગુજરાત ગ્રામ અને નગર પંચાયત વેરા અને ફી નિયમો, ૧૯૬૪ સુધારવા સંબંધી**

**જાહેરનામું**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૨૫

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.**

**ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૪૭/પીઆરએચઆરડીડી/પીઆરસી/ઈ-ફાઇલ/૧૪/૨૦૨૫/૨૯૩૩/સેકશન-ચઃ-** ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૦૦ની પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડવા ધારેલા નિયમોનો નીચેનો મુસદ્દો, આથી,

સદરહું અધિનિયમની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫) થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી, નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા ત્યાર પછી, સદરહું નિયમોનો મુસદો, ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહું નિયમોના મુસદ્દાના સંબંધમાં, કોઈપણ વ્યક્તિ તરફથી અગ્ર સચિવ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને કોઇ વાંધો અથવા સૂચન મળશે તે સરકાર વિચારણામાં લેશે.

**જાહેરનામાનો મુસદો**

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.**

**ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૪૭/પીઆરએચઆરડીડી/પીઆરસી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૨૯૩૩/સેકશન-ચ:-** ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૨૦૦ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ગ્રામ અને નગર પંચાયત વેરા અને ફી નિયમો, ૧૯૬૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત ગ્રામ અને નગર પંચાયત વેરા અને ફી (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ગુજરાત ગ્રામ અને નગર પંચાયત વેરા અને ફી નિયમો, ૧૯૬૪ માં, નિયમ ૭માં, પેટા-નિયમ (૨)માં, ખંડ (ટ) પછી નીચેનો ખંડ ઉમેરવો:-

"(ઠ) ગુજરાત રાજ્યના પ્રદેશની અંદર, ભૂતપૂર્વ સૈનિક અથવા સશસ્ત્ર દળોના શહીદની વિધવાનું એકમાત્ર મકાન, જેનો ઉપયોગ તે/તેણી, તેના/તેણીના પોતાના રહેણાકના હેતુ માટે ઉપયોગ કરતા હોય".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**દર્શન દેસાઈ,**

સરકારના ઉપસચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨જી મે, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૧૧મી માર્ચ, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક: જીજી/૨૯/૨૦૨૬/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૪૨.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Under***

**The Official Secrets Act, 1923**

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ**

**જાહેરનામું**

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી માર્ચ, ૨૦૨૬

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.**

**ક્રમાંક: જીજી/૨૯/૨૦૨૬/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૪૨:-** ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક: ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહું અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં દર્શાવેલા ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડની સેક્શનલાઇઝિંગ વાલ્વ લોકેશન (એસવી-૦૫) બકુત્રા ગામ, તા: સાંતલપુર, જિ: પાટણ-ને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

**અનુસૂચિ**

સરવે નંબર, સ્થળનું નામ અને સ્થળની હદનું વર્ણન

| ઈન્સ્ટોલેશનનું નામ | સરનામું | સરવે નંબર અને ક્ષેત્રફળ | પ્રતિબંધિત વિસ્તારની હદ |
|---|---|---|---|
| ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ,<br><br>સેક્શનલાઈઝિંગ વાલ્વ લોકેશન (એસવી-૦૫) | ગામ<br>બકુત્રા<br><br>તાલુકો<br>સાંતલપુર<br><br>જિલ્લો<br>પાટણ | સરવે નં.<br>૫૩૩/પી ૧<br><br>કુલ ક્ષેત્રફળ<br>૧૨૨૫ ચોરસ મીટર<br>પ્રતિબંધિત વિસ્તાર<br>૧૨૨૫ ચોરસ મીટર | ઉત્તરે<br>સરવે નં. ૨૩૩ અને બકુત્રાથી બાવરડા રોડ<br>દક્ષિણે<br>સરવે નં. ૫૩૩, ૫૩૪, ૫૩૫<br>પૂર્વે<br>સરવે નં. ૫૩૨, ૫૩૩<br>પશ્ચિમે<br>સરવે નં. ૫૩૩, ૫૪૧, ૫૪૨, ૫૪૩ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મોનિકા ભેડા,**

સરકારના ઉપસચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૪થી મે, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગ-ના તારીખઃ ૨૭મી એપ્રિલ, ૨૦૨૬.ના જાહેરનામા ક્રમાંક: જીજી/૪૨/૨૦૨૫/એસબી૧/ઓએસએ/૧૦૨૦૨૧/૧૦૬.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Under***

**The Official Secrets Act, 1923**

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ**

**જાહેરનામું**

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી એપ્રિલ, ૨૦૨૬

**સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.**

**ક્રમાંક: જીજી/૪૨/૨૦૨૫/એસબી૧/ઓએસએ/૧૦૨૦૨૧/૧૦૬:-** ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક: ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહું અધિનિયમના હેતુઓ માટે, સદરહું સ્થળને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે અને આદેશ કરે છે કે આ જાહેરનામાની અંગ્રેજી અને ગુજરાતી નકલો સદરહું સ્થળે ચોંટાડવી.

આ જાહેરનામાને કોઈપણ મજકૂર નીચેનાને લાગુ પડશે નહિ:-

૧. ગુજરાત રાજ્યના પોલીસદળના સભ્યો;

૨. સંઘના લશ્કરી, નૌકા અથવા હવાઈદળના સભ્યો;

૩. ઉપર્યુક્ત સ્થળોએ નોકરીએ રાખેલી વ્યક્તિઓ; અને

૪. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૪-માં ઉલ્લેખેલ મેજિસ્ટ્રેટ.

ઉપર્યુક્ત કક્ષાની વ્યક્તિઓને માત્ર તેમની સત્તાવાર ફરજો બજાવવા માટે જ મુક્તિ આપવામાં આવશે.

**અનુસૂચિ**

સરવે નંબર, સ્થળોના નામ અને સ્થળની હદનું વર્ણન

| **ઈન્સ્ટોલેશનનું નામ** | **સરનામું** | **સરવે નંબર અને ક્ષેત્રફળ** | **પ્રતિબંધિત વિસ્તારની હદ** |
|---|---|---|---|
| ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ.<br><br>એમઓવી-૧૧ બેડકૂવાદૂર | ગામ: બેડકૂવાદૂર<br><br>તાલુકો: વ્યારા<br><br>જિલ્લો: તાપી | સરવે નં: ૩૬૮<br><br>કુલ વિસ્તાર: ૧૧૨૯૭ ચોરસ મીટર<br><br>પ્રતિબંધિત વિસ્તાર: ૧૨૨૫ ચોરસ મીટર | પૂર્વે: સરવે/બ્લોક નંબર ૩૬૮ અને ૩૬૭-ની જમીન.<br><br>પશ્ચિમે: સરવે/બ્લોક નંબર ૪૩૫ અને ગામના રસ્તાની જમીન.<br><br>ઉત્તરે: સરવે/બ્લોક નંબર ૩૬૮ની જમીન.<br><br>દક્ષિણે: સરવે/બ્લોક નંબર ૩૬૮ની જમીન. |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**શ્રદ્ધા પરમાર,**

સરકારના ઉપસચિવ.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.05.14 19:42:22 IST